ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૧૨/03/૨૦૨૬

# "અખબારી યાદી"

## "ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રજુ થયેલ ગ્રીન રીંગ રોડ (Green Ring Road) દરખાસ્તને રાજ્ય સરકારશ્રીની સૈધાંતિક મંજુરી"

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વધતા ટ્રાફિક દબાણને ઘટાડવા, માર્ગ વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા તેમજ શહેરના ભાવિ વિકાસને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારશ્રીને **૧૦ (દસ) કિમી લંબાઈનો અંદાજીત રૂ.૧૩૫ કરોડના ખર્ચે ગ્રીન રિંગ રોડની માન. મુખ્યમંત્રી ગ્રીન રોડ યોજના** હેઠળ દરખાસ્ત કરવામાં આવેલ હતી તે દરખાસ્તને આજરોજ રાજ્ય સરકારશ્રી દ્વારા સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

**૧. પ્રસ્તાવિત રૂટ (Route): ( As Per Attached Map)**

આ ગ્રીન રિંગ રોડનો માર્ગ નીચે મુજબ રહેશે:

**આદિપુર ઘોડા ચોકડી → ઓમ મંદિર મણીનગર → આદિપુર GIDC વિસ્તાર → તોલાણી કોલેજ લીલાશાહ ફાટક (એલ.સી. 5) → રેલ્વે લાઈન સમાંતર → રાજવી ફાટક → ન્યૂ ગોપાલપુરી રેલવે સ્ટેશન → નેશનલ હાઇવે ઉપર આવેલ ઇન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપ સુધી.**

**૨. માર્ગની મુખ્ય વિશેષતાઓ (Important Features):**

- **૮૦ ફૂટ (૨૪.૪ મીટર) પહોળાઈનો CC રોડ** બનાવવામાં આવશે, જેથી શહેરના વધતા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત અને ઝડપી પરિવહન સુવિધા ઉપલબ્ધ બની રહેશે.
- વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે માર્ગની બંને બાજુ **સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ** બનાવવામાં આવશે.
- માર્ગ સાથે **યુટિલિટી ડ્રેન** બનાવવામાં આવશે, જેના દ્વારા ભવિષ્યમાં વીજળી, ટેલિકોમ વગેરે સેવાઓ માટેની લાઈનો સરળતાથી સ્થાપિત કરી શકાય.
- પદયાત્રીઓની સુરક્ષા અને સુવિધા માટે માર્ગની બાજુએ **ફૂટપાથ** બનાવવામાં આવશે.

- માર્ગને પર્યાવરણલક્ષી બનાવવા માટે માર્ગની બાજુએ તેમજ વચ્ચે **<u>વૃક્ષારોપણ (Plantation)</u>** કરવામાં આવશે. ઉપરાંત માર્ગ નિર્માણમાં શક્ય હોય ત્યાં **રીસાયકલ મટિરિયલનો ઉપયોગ** તથા **<u>પાણી સંરક્ષણ માટેની વિવિધ સ્ટ્રક્ચરર્સ (Water Conservation Structures)</u>** પણ ઉભા કરવામાં આવશે.

**૩. કનેક્ટિવિટી (Connectivity):**

૧.આ માર્ગ **ટાગોર રોડ, રામબાગ રોડના વિકલ્પ તરીકે ઉપયોગ કરી શકાશે.**

૨. શહેરના મહત્વપૂર્ણ વિસ્તારો **આદિપુર / ગાંધીધામ બસ સ્ટેન્ડ**, **ન્યૂ ગોપાલપુરી રેલવે સ્ટેશન અને એરપોર્ટને** સીધી તથા પરોક્ષ કનેક્ટિવિટીમાં સુધાર થશે.

૩.આ ઉપરાંત આ માર્ગ દ્વારા **કંડલા, ભુજ, ભચાઉ**, **અંજાર અને મુન્દ્રા** જેવા વિસ્તારો તરફ આવવા / જવા માટે વાહન વ્યવહાર વધુ સરળ બનશે.

તાજેતરમાં મહાનગરપાલિકા દ્વારા આ રૂટ પર આવતા મોટી સંખ્યામાં દબાણોને દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.આ મંજુર થયેલ રોડનું ટેન્ડર ટૂંક સમયમાં મહાનગરપાલિકા દ્વારા બહાર પાડવામાં આવશે.

આમ, ગાંધીધામ મહાનગરપાલિકા રોડ વિથના તથા મહાનગરપાલિકાના માલિકીના પ્લોટ પરના દબાણો દુર કરી, જાહેર ઉપયોગીતાના વિવિધ પ્રોજેક્ટ કરવા પ્રતિબદ્ધ છે. તેવી કમિશનરશ્રીની અખબારી યાદીમાં જણાવાવમાં આવે છે.

**જનસંપર્ક અધિકારી**